

## સલામી સવારની..

*ન્યાય અને સૈન્ય ભરતીમાં એ નમતું માપે છે,*
*ને સુપ્રીમ, કેન્દ્રનું નાક કાપી હાથમાં આપે છે,*
*પાપે ભરાયો છે ઘડો, ફૂટશે હવે ચૂંટણીમાં -*
*છાંટ્યું પેટ્રોલ નોટબંધીનું ચિનગારી ચાંપે છે...*

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

*પ્હોંચે ન ઝાંપે,*
*શિખામણ શેઠની -*
*ચૂંટણી ફૂંડ...*
*(પક્ષને ફાળો બંધ કરાવો)*

*કેન્દ્ર કાયદા,*
*છે અલગ કાટલાં -*
*હાથી ના દાંત...*
*(રાજકીય પક્ષો તરફી કૂણાં)*

### ચિંતન

**એક એવં પદાર્થસ્તુ ત્રિધા ભવતિ વીક્ષિતઃ ।**
**કુણપઃ કામિની માંસ યોગિભિઃ કામિનિઃ શ્વતિઃ ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેન્ટમાંથી લેવામાં આવેલ છે.

'તમારા ધ્યેયને તમારી દૃષ્ટિએ જ મૂલવો.'

એક જ વસ્તુને ત્રણ જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ જુદી જુદી રીતે જુએ છે. સુંદર સ્ત્રીનો દાખલો જ લો : યોગી પુરુષ તેને દુષિત શબ તરીકે જુએ છે. કામી પુરુષ તેને સુંદર સ્ત્રીના રૂપમાં જુએ છે અને શ્વાન તેને માંસના ટૂકડા તરીકે જુએ છે.

વ્યક્તિએ વ્યક્તિએ જગત જુદું છે. તમારે તમારા જગતમાં રહેવાનું છે. તમારા જગતમાં રહેવાનું છે. તમારા જગતના સર્જક તમે છો. સાંભળો બધાનું, કરો પોતાનું, કારણ કે તમે જે કરી રહ્યા છો એને માટે તમે સ્પષ્ટ છો. તમારા પોતાના ચોક્કસ ગણિતો છે, તમારી પોતાની ચોક્કસ રીતો છે જે જગત સાથે કયારેય મેળ નથી ખાવાની. એનો અર્થ એ નથી કે તમે ખોટા છો. એનો અર્થ એ છે કે તમે નોખ છો. જગતની નોખાની જ નોંધ લે છે. પોતાનો માર્ગ પોતે કંડારે અને પોતે સાચા માર્ગે છો. એવો વિશ્વાસ રાખો. તમારા નિર્ણયને વળગી રહો.

### સુવિચાર

- ઘણા મનુષ્યો જો મહાન આકાંક્ષાથી પરિપૂર્ણ ન થાય તો પણ નાની નાની બાબતોમાં સફળ થઈ જાય છે - **જનકલ્યાણ**
- જે ઈશ્વર ને પિછાણે છે, તે નમ્ર છે. જે પોતાને ઓળખે છે તે અભિમાની ન થઈ શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ જન્મથી કપાળમાં ન તો તિલક કરીને આવે છે, ન તો યજ્ઞોપવિત ધારણ કરીને આવે છે. જે સત્કાર્ય કરે છે તે દ્વિજ છે અને જે કુકર્મ કરે છે તે નીચ - **બુદ્ધ**
- અવગુણ શું છે? જે કાંઈ દુર્બળતામાંથી ઉત્પન્ન થાય છે તે... - **ફ્રેડરિક નીત્સે**
- નઠારી આદતથી માણસની શુદ્રતા વધતી જાય છે - **ખલીલ જિબ્રાન**
- જયાં અજ્ઞાનતા જ વરદાન હોય ત્યાં બુદ્ધિ વ્યક્ત કરવી એ પણ મૂર્ખતા છે - **સ્વામી રામતીર્થ**
- આજનું ઔષધ : કાંદાને શેકી તેમાં ઘી, સાકર અને જીર મેળવીને પોટીસ બનાવી મસા ઉપર બાંધવાથી મસા મટી જાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઈશ્વર માટે આપણું સંપૂર્ણ સમર્થન-શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો જ ઈશ્વરની પ્રાપ્તિ થાય. મોટા-મોટા યોગીઓ અને સંતોને પણ માયા-મમતા ક્ષણભર પણ લપસાવી મૂકે છે.

કેરેવાન દેશમાં શાહ સુજા નામનો એક સૂફી વિચાર શ્રેણીનો યુવાન ઘરમાં પણ સંતની જેમ જ ખૂબ સાદગીપૂર્વક રહેતો હતો. લગ્ન કરવાની પણ અનિચ્છા હતી છતાં મા-પિતાનું મન રાખવા એણે લગ્ન કર્યું. ઘરમાં કુટિર જેવા સાદા ખંડમાં નવોઢા પત્ની સાથે પ્રવેશ કર્યો. મનમાં હતું કે પ્રથમ રાતે જ પોતાની ઈચ્છાઓ અને સૂફી વિચારની સ્પષ્ટતા પત્ની સાથે કરી લેશે; પણ ત્યાં તો નવોઢાએ જ પૂછ્યું કે 'આ પાણીના લોટા પર રોટલાના ૪-૫ ટૂકડા કેમ રાખવામાં આવ્યા છે? કોના માટે?'

શાહ સુજાએ કહ્યું, હું ખૂબ સાદગીપૂર્ણ જીવન જીવું છું અને સતત ખૂદાની બંદગીમાં રહું છું આ રોટલાના ટૂકડા મેં મારા માટે, આવતીકાલે ખાવા માટે રાખ્યા છે આજે વધારે હતા. નવોઢા હસી પડી કહ્યું, 'એટલે તમને ખૂદા પર એટલો પણ ભરોસો નથી કે કાલ કદાચ રોટલો નહીં મળે. જાવ આ રોટલા કૂતરાંને આપી દો !' સૂજાને ભાન થયું, પત્નીને ગુરુ માની વંદન કર્યા અને રોટલો કૂતરાંને પધરાવી આવ્યો.

# દારૂબંધીનો કડક અમલ અભિનંદનીય

*તંત્રીસ્થાનેથી...*

દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં ગુજરાતમાં દારૂ છૂટથી પિવાતો અને વેચાતો હોવાની માન્યતામાં ઘણું બધું વજૂદ છે. રોજના હિસાબે રાજયની સરહદો પાર કરીને પાડોશી રાજયોમાંથી જથ્થાબંધ 'ઈંગ્લિશ' દારૂ ગુજરાતમાં પ્રવેશે છે અને એનાં વિવિધ વેચાણકેન્દ્રો અર્થાત અનધિકૃત અડ્ડાઓ મારફત જરૂરિયાતવાળા પીનારાઓ સુધી પહોંચતો રહે છે, એ મુદ્દે પણ ખોંખારીને કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. આથી દારૂબંધી ફક્ત કાગળ ઉપર જ રહી ગઈ હોવાનાં અતિશયોક્તિપૂર્ણ વિધાનો પણ થતાં રહ્યાં છે. ખુદ વાડ જ ચીભડાં ગળતી હોય એવા કિસ્સા પણ વારંવાર પ્રકાશમાં આવતા રહ્યા છે. ચૂંટણી દરમિયાન તમામ ઉમેદવારો દારૂની રેલંછેમ કરી ગરીબ મતદાતાઓને ખુશ કરવા મથતા રહે છે, તે સર્વવિદિત છે. દારૂબંધીનો કાયદો હોવાથી ગેરકાયદેસર રીતે વેચાતા દારૂની ગુણવત્તા અંગે અને એથી ઉદ્ભવતી લઠ્ઠાકાંડ જેવી કરુણાંતિકાઓ વિશે પણ પ્રજાની લઈ સરકાર સુધી બધાંને ઊંચા જીવે રહેવું પડે છે. આ તમામ કઠોર વાસ્તવ સામે વર્તમાન ભાજપ સરકારે કડક નિયંત્રમો લાદવાનો અને તેનો તત્કાળ અમલ કરાવવાનો નિર્ણય લઈને ખરેખર પ્રશંસનીય પગલું ભર્યું છે. અલબત્ત, આ પગલું ભરવા માટેની અનિવાર્યતા કે પ્રેરણા તો પ્રજાકીય આંદોલનની જ સરજત છે. દારૂની બદીને કારણે બરબાદ થઈ જતા શ્રમજીવી સમાજમાંથી એ બદીને દેશવટો આપવાની ઝુંબેશ ઉપાડનાર લોકનેતા અલ્પેશજી ઠાકોરને આ મુદ્દે ભવિષ્યની પેઢીઓ જરૂર યાદ કરશે. એક સ્વપ્નદૃષ્ટા યુવક અગ્રણી રાજકારણથી પર રહીને સાજમાં પ્રવર્તતી બદી સામે જેહાદ છેડે, તે આજના પક્ષાપક્ષીવાળા અને સત્તાકેંન્દ્રી રાજકારણના માહોલમાં ચમત્કાર જેવી ઘટના છે. સમાજ પણ એની અહાલેકનો સાનુકૂળ પ્રતિસાદ પાઠવી વર્ષોથી જેના કારણે કારમી ગરીબીમાં સબડવું પડ્યું, બલકે બહુમતી ધરાવતી જનસંખ્યા હોવા છતાં મુઠ્ઠીભર ખંધા રાજકારણીઓનાં પ્યાદાં બનવાની નોબત આવી, તે બરાબર સમજી શકાયો હોય તો તે એ ફક્ત નેતાની નહીં બલકે ઠાકોર ક્ષત્રિય સમાજની પણ આગવી સિદ્ધિ લેખાવી જોઈએ. ગુજરાતમાં આજ લગી થયેલાં તમામ આંદોલનો કરતાં અલ્પેશજી ઠાકોરની દોરવણી હેઠળ ચાલી રહેલું આ આંદોલન જુદી જ ભાત પાડે છે. આ એક સામાજિક ક્રાંતિ છે, જેની નોંધ ક્ષત્રિય ઠાકોર સમાજ સહિત દારૂબંધીનો મુદ્દો આઝાદીનાં સિત્તેર વર્ષે આટલી હદે લોકપ્રતીતિ જન્માવી શકે છે, તે જ શું મોટો ચમત્કાર નથી? ગાંધીજીને મન આઝાદી કરતાં પણ દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા રચનાત્મક કાર્યક્રમો વધુ મહત્ત્વના હતા, તે સર્વવિદિત છે. વચ્ચે કેટલીયે વાર દારૂબંધીને કારણે ગુજરાતને આબકારી આવક તથા પ્રવાસન મુદ્દે ભારે નુકસાન વેઠવું પડતું હોવાની ચર્ચા ચાલતી રહી બલકે દારૂબંધી હળવી કરવાથી લઈ સંપૂર્ણપણે નાબૂદ કરવા સુધીના મતમતાંતર પ્રવર્તતા રહ્યા છે. પરંતુ છેલ્લાં વર્ષો દરમિયાન મહિલા મતદારાએ સામે ચાલીને દારૂબંધીની માગણી કરતાં બિહાર અને તમિલનાડુ સહિતનાં રાજયોમાં દારૂબંધીનો અમલ શરૂ થયો છે. ગુજરાત તો ગાંધીની ભૂમિ છે. બાકીનાં રાજયો એમાંથી પ્રેરણા લઈ શકે, એ દૃષ્ટિએ આબકારી આવત જતી કરીને પણ અત્યાર સુધીની સરકારોએ દારૂબંધીના કાયદા સાથે ચેડાં કરવાની હિંમત નથી કરી. હવે જયારે પ્રજાકીય આંદોલનના પ્રતિસાદ રૂપે વર્તમાન સરકાર દારૂબંધીના સંપૂર્ણ અમલમાં સંકલ્પ કરી રહી છે અને એ અંગેની જવાબદારી પણ હસમુખ પટેલ જેવા ગાંધી - વિનોબાના સર્વોચ્ચ વિચારને વરેલા પ્રામાણિક અને કાર્યદક્ષ પોલીસ અધિકારીઓને સોંપી રહી છે ત્યારે આગામી દિવસોમાં ગુજરાત સાચા અર્થમાં દારૂ-મુક્ત રાજય બની રહેશે, એવી અપેક્ષા અસ્થાને નથી.

# કર્તવ્ય માટે અડગ બનીને ઉભા રહીએ એ જ સર્વોચ્ચ દેશભક્તિ છે



લાગણીનો મેળો
રસિક વાળંદ

મને ઊંડી મહોબ્બત સદા મારા વતન માટે.
અને એથી અધિક જગતના સાર્વજન માટે.
નથી ઝૂકતો કે નમતો કદી પણ હું,
નથી મારું મસ્તક કોઈ વ્યક્તિના નમન માટે.

હમણાં સર્વોચ્ચ અદાલતે દેશભરના સિનેમાઘરોમાં ફિલ્મ શરુ થતા પહેલાં રાષ્ટ્રગીત 'જનગણમન' ફરજીયાત વગાડવાનું તેમજ દર્શકોએ ઉભા થઈ એની અદબ જાળવવાનું ફરમાન કર્યું.

આઝાદીના સાત-સાત દાયકા પછી પણ દેશવાસીઓને શીખવવું પડે કે રાષ્ટ્રગીતની આમન્યા કેમ જળવાય. (આ કેવી વિડંબના!)

રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજનું સન્માન અને ગૌરવ જાળવવું એ પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે — આ પાઠ તો સૌ શિક્ષકજનોએ શાળાજીવનમાં ગોખ્યો છે છતાં એનું સંપૂર્ણપણે પાલન થાય છે ખરું?!

રાષ્ટ્રના પરિચયરૂપ રાષ્ટ્રગીત 'જનગણમન' ગાવામાં અક્ષમ્ય બેદરકારી પણ જોવા મળી છે. બહુ ઓછા સમારંભોમાં બા-અદબ શિસ્તબદ્ધ રીતે રાષ્ટ્રગીત ગવાતું હશે;' અરે, જાહેર સમારંભો કે સાંસ્કૃતિક કાર્યક્રમને શોભાવનારા મહાનુભાવોમાં પણ ક્યારેક તો આ અંગેની ગંભીરતાનો અભાવ જોવા મળે છે. ખરેખર, આઝાદી પછી સમયના પ્રવાહ સાથે જનતામાં રાષ્ટ્રપ્રેમનું ધોવાણ થયેલું અનુભવાય છે.

દોસ્તો, રાષ્ટ્રપ્રેમ એ કુદરતી — સહજ — નૈસર્ગિક બાબત છે. જે ધરતીમાં જન્મ્યા ને શ્વાસ લીધો. જેના હવા — પાણી ને અન્નથી પોષાયા તે ભૂમિની પરંપરાનું ગૌરવ કરવું એ આપણું પરમ કર્તવ્ય છે. જે રાષ્ટ્રની નાગરિકતા ધરાવીએ છીએ તેના કુશળક્ષેમ માટે હરહંમેશ સમર્પિત રહેવું એ આપણી નીજી ફરજ છે. આપણા રાષ્ટ્રના ગૌરવ સમા રાષ્ટ્રગીતનું માન-સન્માન જાળવવાનું કોઈએ આપણને શીખવવું પડે એ માટે ફરજ પાડવાની હોય ખરી? શું આ આપણું કર્તવ્ય છે એમ સમજી ન કરી શકીએ.

આમ જોવા જઈએ તો આજેય દેશનો બહુમત સમાજ રાષ્ટ્રગીત વિષે ન તો પૂરેપૂરો વાકેફ છે કે ન તો ગંભીર છે. આપણા સમાજ જીવનમાંથી દિન પ્રતિદિન રાષ્ટ્રભાવના ઓસરતી જાય છે, એને પુનઃ પ્રજ્વલ્લિત કરવાની સમયની માંગ છે જ. એ સૌએ સ્વીકારવું રહ્યું.


દોસ્તો, મારે એક વાત કહેવી છે. આ ભારતભૂમિમાં જન્મ લીધો એટલે ભારતીય. ભારતભૂમિએ પાળ્યા — પોષ્યાં, સંસ્કારોનો વારસો આપ્યો. એને સમાજમાં કોઈને કોઈ સ્થાન પમ આપ્યું. આથી આપણે ભારતીય થઈ ગયા પરંતુ બસ આટલેથી આ ભારતભૂમિ આપણી થઈ જતી નથી. ભલે આપણે પ્રતિજ્ઞા બોલતા હોઈએ 'ભારત મારો દેશ છે' પરંતુ સૌ પોતાની જાતને સવાલ પૂછે કે 'તમે ભારત દેશ માટે શું કર્યું?' તમારી એવી કઈ તપસ્યા છે કે જેથી તમે છાતી ઠોકીને દાવો કરી શકો કે 'આ ભારત દેશ મારો છે.'

દોસ્તો, પ્રત્યેક દેશવાસી એકબીજાને ભાઈ-બહેન સમજીને એકબીજાને પ્રેમથી અપનાવશે ત્યારે જ ભારત આપણોહ્ય થશે. આ ભારતભૂમિના પહાડો ને નદીઓ, જંગલો અને ખેતરો, શહેરો અને ગામડાં આ બધામાં આપણે ભક્તિભાવનાથી દર્શન કરીશું; ભારતીય સમાજજીવનના ભેદો ભૂંસી — ભૂલી સૌ એકરૂપ થવાની કોશિશ કરીશું ત્યારે આ ભારત આપણો કહેવાશે. આપણી આસપાસ બીમાર-અનાથ, દલિત-પીડિત, પતિતની પ્રેમાળ સેવા કરીશું ત્યારે આ ભારત પોતાનો કહેવાશે. આપણે આપણા બાવડાંના બળે એ સાબિત કરીશું કે અહી કોઈ બેરોજગાર કે ભૂખ્યો નથી ત્યારે આપોઆપ એ સિદ્ધ થશે કે ભારત આપણો દેશ છે.

મિત્રો, હૈયાને જરા ઢંઢોળીને પૂછી તો જુઓ કે શું આપણું દિલ આપણા ભારત દેશ જેટલું વિશાળ — વ્યાપક છે ખરું? આ દેશના સજ્જન — દુર્જન, પૂણ્યશાળી કે પાપી, દેશપ્રેમી કે દેશદ્રોહી, વૃદ્ધ કે બાળક, અમીર કે ગરીબ — આ બધાં આપણા કુટુંબી છે? આ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ખુલ્લું હતું આકાશ ને ખુલ્લી ધરા....



મનના ઉમંગો
રણછોડ પરમાર

ફેબ્રુઆરી-૧૯૭૮માં સચિવાલયમાં કારકુન બનીને જોડાયા. ત્યારે પહેલીવાર ગાંધીનગર જોયું. આમ તો હાલનું ડૉ. જીવરાજ મહેતા ભવન જે જૂના સચિવાલય તરીકે ઓળખાય છે. તેના મીનાબજારમાં તા. ૨૧મી ફેબ્રુઆરી-૧૯૭૮ના રોજ પહેલી વહેરીવાર એક અપંગ ભાઈ સાથે તે દિવસે વહેલી સવારમાં કોફી પીધી હતી, તે યાદ છે. તેના બ્લોક નં. ૪માં સામાન્ય વહીવટ વિભાગ બેસતો હતો અને નં. ૫માં તે સમયનો જાહેર બાંધકામ વિભાગ. તેમાં ત્રીજા માળે ઈ-૧ શાખાને જગ્યા ફાળવેલી. એટલે નોકરીના પહેલા દિવસે મેં સચિવાલયના બ્લોક નં. ૪ - ૧ શાખા અને બ્લોક નં. ૫ ની ઈ-૧ શાખા ઉપરાંત કોફીનો ગલ્લો જોયો. રિસેસમાં કેન્ટીસ ભાળી અને સાંજે જોયું બસ સ્ટેન્ડ. બસ આટલું ગાંધીનગર તે દિવસે નિહાળેલું. એકવાર રવિવારના દિવસે ઓફિસ આવેલા ત્યારે અમારા સાથી કારકૂન કે.પી. સોલંકી છૂટ્યા પછી તેમના ઘરે લઈ ગયેલા અને સાઈકલ પર મને અ.શ. ભગતને કંઈ બે-ત્રણ સેકટરમાં આંટો ખવડાવેલો પરંતુ એમાં શું જોયેલું એ કશું યાદ નથી.

પછી તો રોજ બસમાં બેઠા બેઠાં આજુબાજુના ઝાડવા જોયા કરતો, હોળી પછી આંબા પર લટકતી કેરીઓ જોવાની ખૂબ મજા પડતી. ઈન્દ્રોડા સર્કલ પાસે એક મોટું રાયણનું ઝાડ હતું. સે-૨માં ખેતરનાં એક કૂવો હતો. પાણી પીવાતું હોય ત્યારે એના મશીનનો 'ફૂક ફૂક' અવાજ ગામડાની યાદ અપાવી જચો. ચ-૦ થી છેક સચિવાલય સુધી આજુબાજુ ખેતરો હતા. તેમાં ઊગેલા જુવાર-બાજરી-રાઈ-તલ દેખાતા, ખેતીકામ કરતાં ખેડૂતો પણ જોવા મળતા. હવે બધા જ સેકટરમાં મકાનો થઈ ગયા છે. કેટલાક વૃક્ષો વિદાય થઈ ગયા છે. પેલો ટહૂકા કરતો કૂવો અને એમાં લટકતા સુગરીના માળા દફન થઈ ગયા છે. આજની તારીખે એ મેદાનમાં ઊભા રહીએ તો ખબર ના પડે કે કઈ જગ્યાએ કૂવો હતો.

રાજધાનીનો મોભો અમદાવાદ પાસેથી લઈ ગાંધીનગરનો સોંપવામાં આવ્યો. ત્યારથી કેટલાક કર્મચારી/અધિકારીઓ ગાંધીનગર આવી ગયેલા. એ વખતે મોટા ભાગનું ગાંધીનગર સચિવાલયથી આગળ સેકટરોમાં વસાવાયેલું. અડધોઅડદ કર્મચારીઓ ચાલતાં જ કચેરીમાં આવી જતા. બીજા સાઈકલ પર આવતા. સ્કૂટરની સંખ્યા કદાચ એક આંગળીના વેઢે ગણી શકાય એટલી હતી. મોટરકારની વાત કરવી વધારે પડતી કહેવાય. સરકારી કામે કયાંક જવાનું થાય ત્યારે ગાડીમાં બેસવા મળતું. મંત્રીઓ અને સચિવોને જ વાહનમાં બેસવાનું થયું. મને યાદ છે કે સિંચાઈ વિભાગના સચિવ આઈ.એમ. શાહ તે વખતે ચાલતા જ ઓફિસ આવી જતા.

મિત્રો, મારે ખરેખર તો અત્યારના ગાંધીનગરની વાત કરવી છે. થોડીક જૂની વાતો, મનુષ્ય જાતની આદત પ્રમાણે આવી જાય તો માફ કરજો. આપણે કોઈને રસ્તા વચ્ચે સામા મળી જઈએ ત્યારે શું પૂછીએ છીએ ? 'શું છે નવા જૂની?' એટલે નવી વાતો સાથે જૂની વાતો હંમેશા સંકળાતી રહેતી હોય છે. અને સદાકાળ એ પ્રથા ચાલ્યા કરવાની.

મને નાનપણથી થોડીક વાંચવાની ટેવ એટલે દિવસનો મોટો ભાગ હું ઘરમાં રહું છું. પુસ્તક સાથમાં ના હોય ત્યારે ય એકલા રહેવું ગમે છે, હું ડાયરાનો માણસ બિલકુલ નથી, બાંકડાઓ શોભાવનારા ઘણા છે એમાં જોડાવું ગમતું નથી. ફરવાનું ગમે છે, રખડવાનું ગમતું નથી એટલે અલગારી રખડપટ્ટી કે રખડવાનો આનંદ જેવા સુંદર પુસ્તક રચી શકવાની મારી ત્રેવડ નથી. છતાં ગાંધીનગર વિશે ઘણું બધું લખવાનું મન થાય છે. વળી પાછું વિચાર આવે છે કે હું બહું બહું તો શું લખવાનો ? મેં બધા ૩૦ સેકટર પૂરેપૂરા ઘુમીનો જાય નથી. ઈન્ફોસિટીની પેલે પાર ગયો નથી. વાવોલની પડખે પણ અનેક સોસાયટીઓ બની ગી છે તેમાં ખાસ જવાનું થતું નથી. આજુબાજુના ગામડાંમાં કોઈ પરીચય નથી કે નાછૂટકે જવું પડે. જીઆઈડીસી આખું અજાણ્યું છે. ગાંધીનગરની પહેલી ઈંટ ચણાઈ હતી તે પાવર હાયઉસની કદી નિરાંતે મુલાકાતં લીધી નથી. રોજ સવારે સે-૧ના તળાવ ફરવા જઉં છું અને સાંજે સે-૩માં વગળાવાળી માતાની આરતીમાં જઉં છું. પોસ્ટ ઓફિસમાં કામ હોય ત્યારે સે-૭માં અને જૂના મિત્રોને મળવું હોય તો સચિવલાય ફરી આવું છું. સાહિત્ય સભાનો કાર્યક્રમ હોય ત્યારે અને શાકભાજી ખરીદવાની થઈ હોય ત્યારે સેકટર-૨૧માં જવાનું થાય છે. કોઈના જન્મદિનની ઉજવણી પ્રસંગે સેકટર-૧૬ અથવા ઈન્ફોસીટીના રેસ્ટોન્ટની વાનગીઓ ચાખવા મળે છે. આવો લેખ આપવા માટે ગાંધીનગર સમાચારના કાર્યાલયની ઊડતી મુલાકાતે લેવાની થાય છે. આવા સંજોગોમાં હું પાટનગર વિશે લખવા કલમ હાથમાં પકડીને બેઠો છું, આપના સહકારની અપેક્ષાઓ

પ્રિય મિત્રો, આપણા મૂર્ધન્ય કવિ હરિકૃષ્ણ પાઠક ગાંધીનગરના સ્થાપનાકાળથી અહીની ધરતી પર વસ્યા છે. એમનું કાવ્ય આપને જૂના સમયમાં લઈ જશે. આપ જો વિચારશીલ હશો આપને ખૂબ દૂર દૂર લઈ જઈ શકશે.

ગાંધીનગરમાં
મિત્રો, અહીં ખુલ્લામાં આવી ગયો છું;
ખુલ્લાં નદી, ખેતર ને ગામ વચ્ચે
કાલ તો ખુલ્લો અહીં વરસ્યો હતો વરસાદ,
ખુલ્લા વીજના ચમકારમાં, જોયું હતું મેં ઝાડ ખુલ્લું ઝૂલતું,
ખુલ્લું હતું આકાશને ખુલ્લી ધરા....
પળભર થયું :, કે લાવ ખુલ્લા સાદથી - મનથી હવે ગાઈ લઉં;
રોઈ લઉં.... હા, હજી હમણાં સુધી તો સાખ પડતી'તી અહીં
ને હવે ઈંટો પડે છે. (પથ્થરો પડશે હવે...?)
ઘરમાં ફરું તો ત્યાંય પગમાં ચાસ વાગે છે કદી
ને કયાંક ગોચર ભાંભરે છે. સોળમું સેકટર થઈને જીવવાનું છે હવે
એ ખ્યાલથી આ જીવ ભટકે છે કદી વાવોલ જઈને
ને કદી લટકે કદી વાગોળ પેઠે - સાવ નીંભર -
કો'ક સૂક્કા ખીજડાની ડાળ પર...
આળ કંઈ માથા ઉપર એવું ચડેલું લાગતું -
કે હાથ ફેરું ત્યાં નર્યું બસ લોહી ભાળું :
કેટલા સાચુકલાં જીવતર અહીં કોળ્યાં હશે !
આજે હવે તો એ બધાં, ખેડાય છે, વેડાય છે, ભેળાય છે, ભૂંસાય છે
ને કોક ચહેરો આથમે છે.
કો'ક ધબકારો નર્યો-નરવો અહીં રૂંધાય છે.
મિત્રો,
બધું જોયા કરું છું... શું કરું મિત્રો,
બધું જોયા કરું છું... શું કરું મિત્રો,
બધું જોયા કરું છું....

- હરિકૃષ્ણ પાઠક

# વાઈબ્રન્ટ' શબ્દ જ એવો છે કે જેની પણ આગળ તે લગાવીએ તેની 'ભવ્યતા' અને 'અસરકારકતા' અનેક ઘણી વધી જાય છે

હાસ્ય લેખ
ચિત્રસેન શાહ

કેટલીક કહેવતો કે રૂઢિપ્રયોગો મૂળથી જ ખોટાં હોય છે! દાખલા તરીકે એક રૂઢિપ્રયોગ છે - 'ધાર્યું ધણીનું થાય!' પરંતુ મોટાભાગના પતિઓ એ માનવા તૈયાર નહીં થાય કારણ કે તેમનો અનુભવ કહે છે કે - 'ધાર્યું તો '..........' નું જ થાય!'

આ વાત આજે અમને એટલા માટે યાદ આવી કે આજકાલ લાઈમલાઈટમાં રહેલા 'IDS' ના રૂા. ૧૩૮૬૦ કરોડવાળા મહેશ શાહ માટે ન્યૂઝપેપર વાળા કહે છે કે એ માણસ 'મગનું નામ મરી' પાડતો નથી! પ્રથમ તો એ રૂઢિપ્રયોગ જ સમજાતો નથી! મગનું નામ મરી શું કામ પાડવું!?

મગ (Mug) ને મરી તો શું જગ (Jug) પણ કેમ કહેવાય!

(મિત્રે અમારી ભૂલ કાઢી!)

ચાલો, એ તો જે હોય તે પરંતુ મૂળ વાત છે મહેશ શાહની!

ઈન્કમ ડીકલેરેશન સ્કીમ હેઠલ તેણે રૂ. ૧૩૮૬૦ કરોડ આઈ.ટી. ડીપાર્ટમેન્ટ સમક્ષ જાહેર તો કરી દીધા પરંતુ પછી એ નાણા પાછળના 'મોટા માથાઓ' ફરી જવાને કારણે તે 'મગનું નામ મરી' પાડવા તૈયાર થયો!

ચાર-પાંચ દિવસ ગાયબ થઈ ગયા બાદ એક દિવસ ઓચિંતો જ કે.લાલની જાદુની માફક એક ટી.વી. ચેનલની ઑફીસ સમક્ષ પ્રગટ થયો!

તેણે ટી.વી.વાળા એન્કર બહેનને કહ્યું 'એ કાળાં નાણાંવાળાઓને હું 'ઉઘાડા' પાડીશ !'

(આ 'ઉઘાડા') શબ્દ મહેશ શાહનો છે - ચિત્રસેન શાહનો નથી!)

તેણે કહ્યું - 'હું એ નામો ફક્ત આઈ.ટી.ના ૩ ઑફિસર સમક્ષ જ જાહેર કરીશ કારણ કે મને ફક્ત તેમનામાં જ વિશ્વાસ છે!' એટલે કે (સવાસો કરોડ દેશવાસીઓ માઈનસ ત્રણ! જે લોકો ટી.વી. જોઈ રહ્યા છે તેમનામાં નથી!

'હું નામ અત્યારે નહીં આપું પરંતુ આઈ.ટી. સમક્ષ જ જાહેર કરીશ' - એમ વારંવાર બોલીને તે 'મોટા માથાંઓ'ને ચેતવી રહ્યો હશે કે તેમને 'બ્લેક મેઈલ' કરી રહ્યો હશે ?!

એ તો મહેશ શાહ જાણે અને ભગવાન જાણે!

અરે, ભગવાન પણ નહીં જાણતા હોય કારણ કે તેણે ભગવાનને પણ છોડ્યા નથી? અમદાવાદના એક જૈન દેરાસરને આપેલ સિત્તેર હજારનો ચેક બાઉન્સ થયો છે!

ભગવાનને પણ થતું હશે કે - 'કયાં મેં આ માણસને બનાવ્યો કે જે મને પણ બનાવે છે!'

મહેશ શાહની 'રામાયણ'ને આપણે અહીં જ છોડીએ અને લઈએ એક નાનકડો બ્રેક!

બ્રેક કે બાદ!

હવે વાત કરવાની છે નોટબંધીને કારણે અનેક સ્થળે સર્જાયેલ 'મહાભારત'ની!

આમ તો રામાયણકાળ અને મહાભારતકાળ વચ્ચે પાંચેક હજાર વર્ષનો ગેપ છે પરંતુ અહીં મહેશ શાહની રામાયણ અને નોટબંધીને કારણે સર્જાયેલ મહાભારત સાથે સાથે થઈ ગયા છે!

૮મી નવેમ્બરે અમે દિલ્હીની કોનોટ પ્લેસની 'હોટેલ મેઘા શેરેટોન'માં હતા અને રાત્રે ૮ વાગ્યે ટી.વી. ન્યૂઝ જોઈ રહ્યા હતા! ન્યૂઝ જોઈને અમે હેતભાઈ ગયા! અમારી નજર સામે અમારી ૫૦૦/૧૦૦૦ની નોટોને અમે 'ગ્રાઉન્ડ ઝીરો' પર આવતી જોઈ!

બીજા બધા દિલ્હીવાસીઓની જેમ અમે પણ એ નોટોથી છૂટકારો મેળવી નાની નાની નોટો ભેગી કરવા દિલ્હીના રાજમાર્ગો પર નીકળી પડ્યા! પરંતુ તે પહેલા અમે અમારી હોટલનું બીલ એડવાન્સમાં ચૂકવી દીધું! જો કે આમ તો અમે બીજે દિવસે 'ચેક આઉટ' કરવાના હતા!

બીજે દિવસે આમ તો અમારા પ્રોગ્રામ પાંડવો-કૌરવોની રાજધાની 'હસ્તિનાપુર' જવાનો હતો કારણ કે મહાભારત કાળના અવશેષો જોવાની તીવ્ર ઈચ્છા હતી પરંતુ નોટબંધીને કારણે એ બધી ઈચ્છાઓને મનમાં જ ધરબી દેવી પડી!

બહાર ટૂર પર ગયા હોઈએ. એટલે સ્વાભાવિક રીતે જ પાસે ૫૦૦/૧૦૦૦ની નોટો જ વધારે હોય! અમારે તેના રાતના બાર વાગ્યા પહેલાં જ નિકાલ કરવો પડે તેમ હતો! નાની નાની વસ્તુ ખરીદી મોટી-મોટી નોટો આપી અમે બધી નોટોનો નિકાલ કર્યો! એક જગ્યાએ તો એવું થયું કે એક સ્ટેશનરી વાળાની દુકાનેથી એક ટાંકણીનું પેકેટ ખરીદી કરી તેને ૧૦૦૦ની નોટ આપી! દુકાનદાર જોઈન જ રહ્યો - અમને ! દસ-વીસ રૂપિયાના પેકેટ માટે ૧૦૦૦ની નોટ ! તેણે કહ્યું 'છૂટે નહીં હૈ, ઐસે હી લે જાઓ ! દુકાનદારે 'દાનેશ્વરી કર્ણ'ની જેમ ઉદારતા દેખાડી!' પરંતુ અમારે તો છૂટ્ટા પૈસા જોઈતા હતા એટલે અમે કહ્યું - 'નહીં ઐસે નહીં લે શકતે હૈ - આપ છૂટે દીજીયે!' પરંતુ એ પૈસા લેવા તૈયાર નો'તો અને અમે મફતમાં પીનનું પૅકેટ લેવા તૈયાર નો'તા! ઐસા ભી હોતા હૈ! આ પ્રમાણે નાની-નાની નોટો મેળવવા ગયા તેમ છતાં દિલ્હીથી અમદાવાદની ફલાઈટ 'ટેઈક - ઑફ' થઈ ત્યારે અમારા ખિસ્સામાં ફક્ત 'પરચુરણ' જ હતું! (જો કે ડેબિટ/ક્રેડિટ કાર્ડ તો હતા!)

ઘરે આવીને ટી.વી ચાલુ કર્યું તો પ્રથમ દૃશ્ય જોયું તે આ હતું -

આઈ.ટી. ડિપાર્ટમેન્ટ કોઈ એક બેન્કમાંથી કરોડો રૂપિયાની નોટો પકડી પાડી હતી જે 'બ્લેક'માંથી 'વ્હાઈટ' થવા આવી હતી! ઘણી બેન્કો તે નોટો ને 'બ્લેક' માંથી 'પીંક' માં ફેરવી આપી 'બ્યુટી પાર્લર' જેવું કામ કરી રહી હતી!

રોજેરોજ મોટા પ્રમાણમાં 'બ્લેક'માંથી 'વ્હાઈટ' થવાના કેસ પકડાઈ રહ્યા છે તે જાણી અમારા એક મિત્રે મજાક કરતાં કહ્યું, 'હવે વ્હાઈટ કલર'ની શોર્ટેજ થશે અને 'વ્હાઈટ કલર' કદાચ 'બ્લેક'માં મળશે!

બધા જ શહેરોમાં બધી જ બેંકો તેમજ એટીએમ પાસેથી લોકોની લાંબી લાંબી લાઈનો જોઈને નોટબંધી શબ્દની આગળ 'વાઈબ્રન્ટ' શબ્દ લગાવવાની ઈચ્છા થઈ જાય છે! કારણ કે 'વાઈબ્રન્ટ' શબ્દ જ એવો છો કે જેની પણ આગળ તે લગાવીએ એટલે તેની પાછળના શબ્દની 'ભવ્યતા' અને 'અસરકારકતા' અનેકઘણી વધી જાય છે.

પ્રધાનમંત્રીએ 'જનધન યોજના' જાહેર કરી કરોડો ગરીબોના બેંક એકાઉન્ટ ખોલાવડાવી દીધા ત્યારે કોઈને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે એ તેમની 'ચેસ'ની રમતની પ્રથમ 'ચાલ' હશે! તે પછીની ચાલોમાં છેલ્લી નહીં પણ લેટેસ્ટ ચાલ તે — નોટબંધી! જેનાથી કરોડો ગરીબોના ઝીરો બેલેન્સ વાળા બેન્ક એકાઉન્ટ્સમાં રાતોરાત અઢી-અઢી લાખ રૂપિયા 'બ્લેક'ના જમા થઈ ગયા! આને કહેવાય - 'વાઈબ્રન્ટ નોટબંધી!'